**હવામાન**

| | મહત્તમ | લઘુત્તમ |
| --- | --- | --- |
| નવસારી | ૩૮.૦° સે. | ૨૫.૦° સે. |
| આહવા | ૪૦.૦° સે. | ૨૧.૦° સે. |
| વલસાડ | ૩૭.૦° સે. | ૨૩.૦° સે. |
| વાપી | ૩૬.૦° સે. | ૨૩.૦° સે. |

**ગામમાં હર ઘર નળ અને નળ સે જલ જેવી યોજનાઓ માત્ર કાગળ પર રહી**

# ડાંગ જિલ્લાનાં નિશાણા ગામમાં ચૂંટણી બહિષ્કારનું એલાન

**રસ્તા** અને પીવાના પાણી જેવી પ્રાથમિક સુવિધાઓના અભાવે મતદાનથી દૂર રહેવાનો નિશ્ચય

**આગામી** વિધાનસભા ચૂંટણીનો પણ બહિષ્કાર કરવાની ચીમકી



ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લાના છેવાડાના સુબીર તાલુકાના નિશાણા ગામના ગ્રામજનોએ પ્રાથમિક સુવિધાઓના અભાવે ચૂંટણી બહિષ્કાર કરવાનો કડક નિર્ણય લીધો છે. ગામમાં રસ્તા અને પીવાના પાણી જેવી મૂળભૂત સુવિધાઓ વર્ષોથી ન હોવાને કારણે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગામમાં હર ઘર નળ અને નળ સે જલ જેવી યોજનાઓ માત્ર કાગળ પર જ સીમિત રહી છે. ગામ સુધી પાઈપલાઈન પહોંચેલી હોવા છતાં પાણી પુરવઠો થતો નથી. કૂવાઓમાં પણ પાણીનો અભાવ હોવાથી ગ્રામજનોને પશુઓને પાણી પીવડાવવા માટે જંગલમાં દૂર કોતરો સુધી જવું પડે છે. સિંગડમાળથી ધામાલા અને ધામાલાથી કાકશાળા સુધીનો રસ્તો મંજૂર થયો હોવા છતાં, નિશાણા ગામમાં આવતા આશરે 900 મીટરના રસ્તાનું કામ હજુ સુધી અધૂરું છે. વર્ષોથી પાકા રસ્તાની માંગ હોવા છતાં સ્થાનિક સ્તરે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. આ ઉપરાંત, ગામના ગરીબ પરિવારો અને મહિલાઓને ઇન્દિરા આવાસ કે સરદાર આવાસ જેવી સરકારી યોજનાઓનો લાભ પણ મળ્યો નથી. બાળકોને શિક્ષણ માટે 10 થી 14 કિલોમીટર સુધીનું અંતર કાપવું પડે છે, જે ગામના વિકાસના અભાવને સ્પષ્ટ કરે છે. મહારાષ્ટ્રની સરહદે આવેલું આ છેલ્લું ગામ હોવાને કારણે વિકાસથી વંચિત રહ્યું હોવાનું ગ્રામજનોનું કહેવુ છે. ગ્રામજનોએ સ્પષ્ટ જણાવ્યું છે કે જ્યાં સુધી રસ્તા અને પાણીની સમસ્યાઓનો ઉકેલ નહીં આવે, ત્યાં સુધી તેઓ કોઈપણ ચૂંટણીમાં મતદાન કરશે નહીં. આ મુદ્દે ગામના આગેવાન ગમશુભાઈ કુંવર દ્વારા જણાવાયું છે કે આ અંગે તેઓ મામલતદારને આવેદનપત્ર પણ આપશે. ગ્રામજનોની માંગ છે કે તાત્કાલિક ધોરણે પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે, નહીં તો ચૂંટણી બહિષ્કાર યથાવત રહેશે.

# વાપી મનપાની ચૂંટણીના કોંગ્રેસના ૧૭ ઉમેદવારને બીજે ખસેડાયા

**વોલ્વો** બસમાં ઉમેદવારોને તેમના પરિવાર સાથે મોકલાયા, કાલે ત્રણ વાગ્યા બાદ જ પાછા ફરશે

વાપી : વાપી મનપાની ચૂંટણીના કોંગ્રેસના ૧૭ ઉમેદવારોને પરિવાર સાથે બીજા રાજ્યના રિસોર્ટમાં ખસેડાયા હોવાની માહિતી મળી રહી છે. આવતી કાલે બુધવારે બપોરે ત્રણ વાગ્યા સુધી મનપાના ઉમેદવારો પોતાનું ફોર્મ પરત ખેંચી શકે. તેની સામે સાવચેતીના પગલારૂપે કોંગ્રેસ દ્વારા તેમના ૧૭ જેટલા ઉમેદવારોને ગત સાંજે જ વાપીથી દૂર મહારાષ્ટ્રના કોઈ રિસોર્ટમાં મોકલી આપ્યા છે. ઉમેદવારોને તેમના પરિવાર સાથે વોલ્વો બસમાં મોકલી દેતા આ વાત મંગળવારે વાપીમાં ટોક ઓફ ધ ટાઉન બની છે. જોકે કોંગ્રેસના કેટલાક ઉમેદવારો વાપીમાં જ રહ્યા છે. વોર્ડ નં.10 ના ઉમેદવાર પીરૂ મકરાણીએ તો મંગળવારે સાંજે તેના વોર્ડમાં ચૂંટણી કાર્યાલયનો આરંભ કર્યો હતો. કોંગ્રેસ પ્રમુખ મહેશભાઈ શાહ સહિત બાકીના ઉમેદવારો વાપીમાં જ રહ્યા છે. આ અંગે પૂછતા મહેશભાઈએ કહ્યું કે આવતીકાલે બુધવારે ફોર્મ ખેંચવાના સમય બાદ આ ઉમેદવારો વાપીમાં પરત આવશે. ત્યાં સુધી હમણાં તો તેમને મંદિરમાં દર્શન માટે ગત સાંજે જ વોલ્વો બસમાં પરિવાર સાથે અન્ય રાજ્યમાં મોકલી દીધા હતા.

### ભાજપ દ્વારા તેમના દરેક વોર્ડમાં ચૂંટણી કાર્યાલય શરૂ કરાયા

વાપી મનપાની ચૂંટણીમાં મંગળવારે ભાજપના દરેક વોર્ડમાં તેમના ચૂંટણીના કાર્યાલયો શરૂ કરવામાં આવ્યા હતા. વોર્ડ નં.5 માં સતિષભાઈ પટેલ સહિતના ઉમેદવારો તેમજ વોર્ડ નં.9 માં મિતશભાઈ દેસાઈના સહિતના ઉમેદવારોના ચૂંટણી કાર્યાલયનું નાણાં મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે આરંભ કરવામાં આવ્યો હતો. આ સમયે શહેર ભાજપ પ્રમુખ મનિષભાઈ દેસાઈ પણ બધે ઉપસ્થિત રહ્યા હતા.

### વલસાડ 'આપ'ના ઉમેદવાર ગુમ થવાના ડ્રામાનો અંત

વલસાડ : વલસાડ તાલુકા પંચાયતની વાસણ બેઠકના આમ આદમી પાર્ટીના ઉમેદવાર ભીખુ પટેલના ગુમ થવાને લઈને ચાલી રહેલા વિવાદનો આખરે અંત આવ્યો છે. ગુમ થયાના થોડા સમય બાદ તેઓ જાતે જ હાજર થયા હતા અને પોતાની જ પાર્ટીના નેતાઓ વિરુદ્ધ ગંભીર આક્ષેપો કરતા રાજકીય ગરમાવો વ્યાપી ગયો છે. ભીખુ પટેલે સ્પષ્ટતા કરી હતી કે તેમનું કોઈએ અપહરણ કર્યું નથી, પરંતુ તેઓ સ્વેચ્છાએ પોતાના સાળાના ઘરે ગયા હતા. તેમણે વધુમાં આક્ષેપ કર્યો કે 'આપ'ના અગ્રણીઓ તેમના પર ચૂંટણી લડવા માટે દબાણ કરી રહ્યા છે અને પોલીસમાં અપહરણની ખોટી ફરિયાદ નોંધાવવા મજબૂર કરી રહ્યા છે. આ ઘટના બાદ ભીખુ પટેલે ચૂંટણી લડવાનો ઇનકાર કરી ફોર્મ પરત ખેંચવાની જાહેરાત કરી છે. એક સમયે ઉત્સાહથી ફોર્મ ભરનાર ઉમેદવારના આ અચાનક બદલાયેલા વલણથી અનેક સવાલો ઉઠી રહ્યા છે. આ કિસ્સાને પગલે 'આપ' પાર્ટીમાં આંતરિક વિખવાદ અને નબળી ઉમેદવાર પસંદગીને લઈને ચર્ચાઓ તેજ બની છે.

# નવસારીમાં કાંસ સંકોચાતા પૂરનો ખતરો!

**મિથિલા** નગરી પાસે પહોળી કાંસને સંકોચીને તેમાં માત્ર બે નાનાં ભૂંગળા ગોઠવાતા પાણીના પ્રવાહમાં અવરોધ સર્જાવાનો ખતરો

**ગત** વર્ષે ત્રણ દિવસ સુધી ઘરોમાં પાણી ભરાયા બાદ ફરી આવી જ સ્થિતિ સર્જાય તેવી ભીતિ



નવસારી : નવસારીના વોર્ડ નં. 4 વિસ્તારમાં મિથિલા નગરી નજીક કુદરતી પાણી નિકાલની મુખ્ય કાંસમાં થયેલા ફેરફારને કારણે ચોમાસા પહેલા જ ચિંતા ઊભી થઈ છે. વર્ષોથી વરસાદી અને ગટરનાં પાણી માટે જીવનદોરી સમાન આ પહોળી કાંસને સંકોચીને તેમાં માત્ર બે નાનાં ભૂંગળા ગોઠવાતા પાણીના પ્રવાહમાં અવરોધ સર્જાવાનો ખતરો વધ્યો છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, આ કાંસ રુસ્તમવાડી સહિતના વિસ્તારો માટે મુખ્ય નિકાલ માર્ગ છે. ગત વર્ષે કાશી વાડીમાં ત્રણ દિવસ સુધી ઘરોમાં પાણી ભરાતા લોકો ભારે આર્થિક નુકસાન ભોગવવું પડ્યું હતું, છતાં સહાય ન મળતાં અસંતોષ વધ્યો હતો. હવે ફરી આવી જ સ્થિતિ સર્જાય તેવી ભીતિ વ્યક્ત થઈ રહી છે. અગાઉ પણ કાંસ પુરાતા લોકો રસ્તા પર ઉતરી વિરોધ કર્યો હતો અને તંત્રએ કાંસ ખોલાવી હતી. છતાં હાલ ફરી એ જ બેદરકારી સામે આવતા લોકોમાં રોષ ફેલાયો છે. સ્થાનિકોએ તાત્કાલિક યોગ્ય નિકાલ વ્યવસ્થા કરવાની માંગ ઉઠાવી છે, નહીં તો ચોમાસામાં ગંભીર સ્થિતિ સર્જાવાની ભીતિ છે.

# ઉદવાડા રેલવે સ્ટેશન પર યુવકનું મોત, પરિવારનો 'હત્યા'નો આક્ષેપ

**ટ્રેનમાં** દારૂની હેરાફેરીનો વિડીયો મૃતકે મોબાઈલમાં ઉતાર્યો હોવાથી હત્યા કરાઈ હોવાના પરિવારના આક્ષેપ



પારડી : ઉદવાડા રેલવે સ્ટેશન પાસે ટ્રેનમાંથી પડી જવાથી યુવકનું કરુણ મોત નીપજ્યું છે. આ ઘટનાને પગલે મૃતકના પરિવારજનોએ ગંભીર આક્ષેપો કર્યા હતા.

પરિવારના જણાવ્યા અનુસાર, કાળુ રાઠોડ સુરતથી વાપી ફરી રહ્યો હતો. ટ્રેનમાં અજાણ્યા શખ્સો સાથે તેની બોલાચાલી થઈ હતી.

પરિવારે દાવો કર્યો છે કે ટ્રેનમાં દારૂની હેરાફેરીનો વીડિયો કાળુએ મોબાઈલમાં ઉતાર્યો હતો. જે બાબતે ૬ થી ૭ શખ્સોએ તેના પર હુમલો કરી તેને ચાલુ ટ્રેનમાંથી નીચે ફેંકી દીધો હતો.

બીજી તરફ, ડીવાયએસપી ડી.એચ. ગોરે જણાવ્યું હતું કે, પોલીસને રેલવે ટ્રેક નજીક જુગાર રમાતો હોવાની બાતમી મળી હતી. પોલીસની રેડ દરમિયાન પકડાઈ જવાની બીકે કાળુ ત્યાંથી ભાગ્યો હતો અને બાજુના ટ્રેક પર આવતી ટ્રેનની અડફેટે આવી જતાં તેનું મોત નિપજ્યું હતું.

પોલીસની થીયરી સામે પરિવાર અને સમાજના લોકોએ ભારે રોષ વ્યક્ત કરી હોબાળો મચાવ્યો છે. દારૂના કારોબારનો પર્દાફાશ કરવા જતાં યુવકની હત્યા થઈ છે કે આ પાછળ અન્ય કોઈ કારણ છે, તે પોલીસ તપાસ અને પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જ સ્પષ્ટ થશે. હાલમાં આ ઘટનાને લઈને પંથકમાં અનેક તર્ક-વિતર્કો સર્જાયા છે.

# વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનની તૈયારી કરી આવ્યા ને નીકળ્યું સંસ્કૃતનું પેપર

**ધરમપુરમાં** શિક્ષણતંત્રનો છબરડો, સુધારેલું ટાઈમ ટેબલ ન અપાતા વિદ્યાર્થીઓ મૂંઝવણમાં મુકાયા

**વિવાદ** ટાળવા શિક્ષકોએ ઉત્તરો લખાવ્યા હોવાની ચર્ચા

ધરમપુર : વલસાડ જિલ્લાની માધ્યમિક શાળાઓમાં હાલ વાર્ષિક પરીક્ષાઓ ચાલી રહી છે, ત્યારે ધરમપુર નગરપાલિકા સંચાલિત હાઈસ્કૂલમાં તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. ધોરણ-૯ના વિદ્યાર્થીઓ જે વિષયની તૈયારી કરીને આવ્યા હતા તેના બદલે અન્ય વિષયનું પેપર હાથમાં આવતા પરીક્ષાખંડમાં અફરાતફરી મચી ગઈ હતી.

વલસાડ જિલ્લાના સત્તાવાર ટાઈમ ટેબલ મુજબ, ગત તા. ૧૧-૦૪-૨૬ને શનિવારના રોજ ધોરણ-૯ની સંસ્કૃત વિષયની પરીક્ષા નિર્ધારિત હતી. જોકે, ધરમપુર નગરપાલિકા હાઈસ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓને એક મહિના અગાઉ જે ટાઈમ ટેબલ આપવામાં આવ્યું હતું, તેમાં ૧૧મી એપ્રિલે સામાજિક વિજ્ઞાન વિષય દર્શાવવામાં આવ્યો હતો. શાળા વહીવટી તંત્ર દ્વારા સુધારેલું ટાઈમ ટેબલ વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવામાં ન આવતા, તમામ વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનની તૈયારી કરીને શાળાએ પહોંચ્યા હતા.

જ્યારે વિદ્યાર્થીઓને સંસ્કૃતનું પેપર અપાયું ત્યારે સત્ય બહાર આવ્યું હતું. આ ગંભીર છબરડો છુપાવવા અને મોટો વિવાદ ન સર્જાય તે હેતુથી, શાળાના આચાર્યાએ તાત્કાલિક સંસ્કૃતના શિક્ષકને બોલાવી વિદ્યાર્થીઓને પ્રશ્નોના ઉત્તરો લખાવ્યા હોવાની વિગતો સૂત્રો દ્વારા મળી રહી છે.

### ટાઈમ ટેબલ લખાવવામાં ચૂક થઈ હતી

શાળાના આચાર્યા હેતલ પરમારે સ્વીકાર્યું હતું કે, થોડાક છોકરાઓને ટાઇમ ટેબલ લખાવવામાં જરાક ચૂક થઈ હતી. પહેલા એક ટાઇમ ટેબલ રિલીઝ કરાયું અને પછી પાછું પણ ચેન્જ થયું હતું. જે બંને અલગ-અલગ ગૃપમાં આવ્યું હતું. એમાં એકમાં જોવામાં ચૂક થઇ હતી. કારણ બહુ બધા મેસેજ એકસાથે આવતા હોય છે.

### હાઈસ્કુલના સંચાલકો ભૂલ ન થાય એની તકેદારી રાખશે

ધરમપુરના શિક્ષણ ચેરમેન નરેશ પટેલે પણ ભૂલચૂકથી આવુ થયું હોવાનું જણાવ્યું હતું. ધરમપુર નગર પાલિકા હાઈસ્કુલમાં ધોરણ-9 ના વિદ્યાર્થીઓને ભૂલથી સંસ્કૃતનું પેપર આપ્યુ હતું એમાં કોઈનો વાંક નથી એમ કહી હવે પછી હાઈસ્કુલના સંચાલકો ભૂલ ન થાય એની તકેદારી રાખશે એમ જણાવ્યું હતું.

### વાંસદાના ખાટાઆંબાની પરિણીતાનો ડુંગર પર ફાંસો ખાઈ આપઘાત

વાંસદા : વાંસદા તાલુકાના ખાટાઆંબા ગામે ૨૧ વર્ષીય પરિણીતાએ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી છે. ગત શુક્રવારે પિતા સાથે ફોન પર વાત કર્યા બાદ ગુમ થયેલી નવ્યાની લાશ સોમવારે ગામના ડુંગર પરથી મળી આવી હતી. મોળાઆંબાના વતની કાશિયાભાઈ ગાંવિતની પુત્રી નવ્યાના લગ્ન એપ્રિલ ૨૦૨૪માં ખાટાઆંબાના આશિષ ભોરસટ સાથે થયા હતા. ગત શુક્રવારે નવ્યાએ પિતા અને ભાઈના ખબર-અંતર પૂછ્યા બાદ અચાનક ઘરેથી નીકળી ગઈ હતી. પરિવારની શોધખોળ બાદ સોમવારે 'છેલટે ડુંગર' પર કોસબના વૃક્ષ સાથે ઓઢણી વડે ફાંસો ખાધેલી હાલતમાં તેનો મૃતદેહ મળી આવ્યો હતો.

આ કરુણ ઘટના અંગે મૃતકના પિતાએ વાંસદા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. ૨૧ વર્ષીય નવ્યાએ કયા કારણોસર આ અંતિમ પગલું ભર્યું તે હજુ અકબંધ છે. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. આ ઘટનાને પગલે દોઢ વર્ષની બાળકીએ માતા ગુમાવતા પંથકમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે.

# વલસાડમાં વકીલના આમરણાંત ઉપવાસ

**લો** કોલેજના આચાર્ય અને પ્રાધ્યાપક સામેની ફરિયાદ સાચી ઠરી છતાં પગલાં ન લેવાતા નિર્ણય

વલસાડ : વલસાડની શાહ કે. એમ. લો કોલેજના ઈન્ચાર્જ આચાર્યા નિકિતા રાવલ અને પ્રાધ્યાપકો સલકેશ કોરી અને દિલીપ કાઠડ વિરૂદ્ધ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી સ્મિત જૈસ્વાલના પિતા અને વકીલ એવા કેતન જૈસ્વાલે ફરિયાદ કરી હતી. જેમાં પુત્રને હેરાન કરી તેનું વર્ષ બગાડ્યું હતું. જોકે, ત્યારબાદ તેના પુત્રે એમ. એસ. યુનિવર્સિટીમાંથી ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. તેમની ફરિયાદ અંગે સૂનાવણી બાદ પણ નૂતન કેળવણી મંડળ દ્વારા કોઈ પગલાં ન ભરાતા તેમણે આ માટે આમરણાંત ઉપવાસની ચિમકી આપી છે. તેમણે આ અંગે લેખિતમાં નૂતન કેળવણી મંડળના પ્રમુખને કરેલી રજૂઆતમાં જણાવ્યું કે, તેમણે પોતાના પુત્ર સાથે થયેલા અન્યાય અંગે કરેલી ફરિયાદ સાચી ઠરી હતી. તેની તપાસ કમિટીએ આ ફરિયાદની તપાસ પણ કરી હતી. તેમના પુત્રનું વર્ષ બગડ્યું હતુ, તેજસ્વી વિદ્યાર્થીઓ સાથે કોલેજ અન્યાય કરી રહી હોવાની ફરિયાદ કરી હતી. છતાં મંડળે આચાર્યા નિકિતા રાવલ અને પ્રાધ્યાપકો સામે પગલાં ન ભરતાં વાલીએ આમરણાંત ઉપવાસની ચિમકી આપી છે.

# નવાગામમાંથી સર્પગંગા તળાવમાં પાણી લિફ્ટ કરવાની યોજના ઠપ્પ

**સાપુતારાની** જીવાદોરી સમાન સર્પગંગા તળાવ સંકટમાં: તંત્રની ઘોર બેદરકારી સામે ઉઠતા સવાલો



ગિરીશ ભોયે

સાપુતારા : સાપુતારાની ઓળખ તેના કુદરતી સૌંદર્યની સાથે તેની જીવનરેખા ગણાતા સર્પગંગા તળાવથી છે. પરંતુ હાલમાં આ તળાવ તંત્રની ઉદાસીનતાને કારણે અસ્તિત્વના સંકટ સામે ઝઝૂમી રહ્યું છે. જવાબદાર વિભાગોની નિષ્ક્રિયતાને કારણે પ્રવાસીઓ અને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

નવાગામ તળાવમાંથી સર્પગંગા તળાવમાં પાણી લિફ્ટ કરવાની યોજના સાપુતારા માટે અનિવાર્ય છે. છતાં, આ યોજના બંધ હાલતમાં છે. સ્થાનિક નોટિફાઈડ કચેરી અને પાણી પુરવઠા વિભાગ વચ્ચેના સંકલનના અભાવે આ ગંભીર સ્થિતિ સર્જાઈ છે. વહીવટી તંત્ર જાણે તળાવ સંપૂર્ણ સુકાઈ જાય તેની રાહ જોઈ રહ્યું હોય તેમ જણાતા પ્રશ્નો ઉઠી રહ્યા છે. જો તળાવના જળસ્તર જાળવવા માટે તાત્કાલિક પગલાં લેવામાં નહીં આવે, તો તેની સીધી અસર પડશે. જેમાં સાપુતારાની મુખ્ય ઓળખ સમાન બોટિંગ પ્રવૃત્તિ બંધ થઈ શકે છે. પ્રવાસન ઘટતા હોટલ અને હોમ-સ્ટેના વ્યવસાય પર આર્થિક ફટકો પડશે અને સ્થાનિક નાગરિકોએ પીવાના પાણી માટે સંઘર્ષ કરવો પડશે. વિકાસના મોટા દાવાઓ વચ્ચે પાણી જેવી મૂળભૂત જરૂરિયાત પ્રત્યેની આ બેદરકારી ઉડીને આંખે વળગે તેવી છે. વહીવટી તંત્ર માત્ર કાગળ પર વિકાસ બતાવવાને બદલે વાસ્તવિક ધરાતલ પર પાણી લિફ્ટ યોજના પુનઃ શરૂ કરે અને સર્પગંગા તળાવને જીવંત રાખે તે અત્યંત જરૂરી છે.

ભાવભિની શ્રદ્ધાંજલિ



સ્વ.શ્રી જગતવિજય રામચંદ્ર તુલસ્યાન
સ્વ.તા.૧૨/૦૪/૨૦૨૬

અમારા પરમ સ્નેહી મિત્ર અને આદરણીય વડીલ
શ્રી કમલવિજયજી તુલસ્યાનના પૂજ્ય ભાઈશ્રી શ્રી જગતવિજય રામચંદ્ર તુલસ્યાન ના
વૈકુંઠગમનના સમાચાર અત્યંત દુ:ખદ છે
આ અપુરણીય ક્ષતિ પર અમે અમારી ઊંડી સંવેદના વ્યકત કરીએ છીએ।
શ્રી જગતવિજયજીનું જીવન અત્યંત સરળ, સજ્જન અને ધાર્મિક રહ્યું હતું।
તેમણે પોતાના ઉત્તમ આચરણ દ્વારા પ્રેમ, દયા, કરુણા અને ક્ષમા જેવા
ઉચ્ચ સંસ્કારોને પરિવાર અને સમાજમાં સાકાર સ્વરુપ આપ્યું હતું
આવી પુણ્યાત્માને અમે વિનમ્ર શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ કે
દિવંગત આત્માને પોતાના શ્રીચરણોમાં સ્થાન આપે અને
શોકગ્રસ્ત પરિવારને આ મુશ્કેલ સમયમાં ધૈર્ય, શકિત અને સંબળ આપે.

શ્રદ્ધાવનત

અમે તમામ નીચે દર્શાવેલ સજ્જનો દિવંગત આત્માને વિનમ્ર શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ

શ્રી જીતેન્દ્ર વખારિયા (નારાયણ પ્રોસેસર્સ),
શ્રી મહેશભાઈ કબૂતરવાલા (કલરટેક્સ),
શ્રી જે. પી. અગ્રવાલ (રચના ગ્રુપ),
શ્રી શ્યામ અગ્રવાલ (આર્મો ગ્રુપ),
શ્રી શ્યામ ગુપ્તા (વિરાટ પ્રોસેસર્સ),
શ્રી ગૌરીશંકર કોકરા (બાલકિશન ગ્રુપ),
શ્રી ગુલશન ચોપરા (ગુલશન પ્રિન્ટ્સ),
લક્ષ્મીપતિ ગ્રુપ,
શ્રી મદન ખુરાના (કે.બી. ક્રિએશન),
શ્રી આલોક બંસલ (પશુપતિ મિલ)
શ્રી પ્રમોદ ચૌધરી (પ્રતિભા ગ્રુપ),
શ્રી શશિ ભૂષણ જૈન (સુમતિ પ્રિન્ટ્સ),
શ્રી રામચરણ અગ્રવાલ (પ્રિયંકા પ્રોસેસર્સ),
શ્રી સત્યેન સોમાણી (વસંત ફેબ્રિક્સ),
શ્રી મનીષ ખુરાના (શિવમ ટેરિન),
શ્રી મનીષ અગ્રવાલ (અન્નપૂર્ણા ઇન્ડસ્ટ્રીઝ),
શ્રી આશુતોષ કનોડિયા (સાંવરિયા પ્રોસેસર્સ),
શ્રી મહાવીરપ્રસાદ જૈન (વિતરાગ ગ્રુપ),
શ્રી મનીષ અગ્રવાલ (મનીષ ડાઈંગ),
શ્રી તેજશ કાપડિયા (ઇન્ડીયન કેમિકલ)
શ્રી વિનિત જૈન (ત્રિશલા ગ્રુપ),